Liberty Equality Fraternity

SAURASHTRA UNIVERSITY
Babasaheb Dr. B. R. Ambedkar Chair-Centre
[Estb.: Govt. of Gujarat]
Building No.9, Second Floor, University Campus, Rajkot – 360005
Phone No.: (0281) 2578501 (Ext. No.429) FAX No.: (0281) 2576347 E-mail Id: dbachair@sauuni.ac.in

**પરિશિષ્ટ–૫**

## બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર
(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)
## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫

BAC/ ડૉ.આંબેડકર ગ્રામાભિમુખ સંશોધન યોજના / ૨૦૨૩–૨૪, તા. ૨૮/ ૦૪ /૨૦૨૩

# ડૉ. આંબેડકર ગ્રામાભિમુખ સંશોધન યોજના

વંચાણે લીધા

(૧) ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક–અબડ/૧૦૨૦૧૬/૬૩૭૦૫/હ (IWDMS/:-71550) સચિવાલય ગાંધીનગર તા.૨૯/૦૪/૨૦૧૬

(૨) ન.અજાક ગ–૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૪–૫૮ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય ગાંધીનગર, તા.૨૦/૦૫/૨૦૧૭ની માર્ગદર્શિકા

(૩) ચેર–સેન્ટરની તા.૨૮/૦૪/૨૦૨૩ની સલાહકાર સમિતિમાં થયેલા નિર્ણયો.

## (૧) પ્રસ્તાવના :

ભારતી ભૂમિની વિશેષતા એ રહી છે કે, સદીઓથી કોઈ નરવીર પોતાના કાર્યથી ભારતીય જીવનને સુવ્યવસ્થિત કરે છે. ડૉ.બી.આર.આંબેડકરજી પણ પોતાના ચિંતન દ્વારા ૧૯મી સદીમાં સામાજિક પરિવર્તનનું કાર્ય કર્યુ છે. સાથે સાથે તેનું અનેક ક્ષેત્રમં પ્રદાન રહ્યું છે. સામાજિક, શૈક્ષણિક, આર્થિક, રાજકીય, ધાર્મિક આ બધા જ ક્ષેત્રોમાં સમાજને પાથેય પૂરું પાડયું છે. ડૉ. આંબેડકરજીના આ વિચારોને સમાજમાં મૂકવા માટે ગુજરાત સરકાર દ્વારા ડૉ. બી. આર. આંબેડકર ચેર–સેન્ટરની સ્થાપના કરી છે. ચેરની ગાઈડલાઈન મુજબ અલગ–અલગ પ્રવૃત્તિઓ દ્વારા ડૉ.આંબેડકરજીના ચિંતનને સમાજમાં પ્રસાર કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બાબાસાહેબ ડૉ.આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ ૬ ડિસેમ્બર–૨૦૧૬થી ચેર–સેન્ટર કાર્યરત છે. ડૉ.બી.આર. આંબેડકર ચેર– સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, દ્વારા એક નવી ડૉ.આંબેડકર સંશોધન યોજના દ્વારા વિદ્વાન, લેખકો, અધ્યાપકો, સંશોધકો દ્વારા ડૉ. આંબેડકરના જીવન, કવન અને તત્ત્વજ્ઞાન પર વિશેષ સંશોધન થાય તેવા ઉદ્દેશ્યથી ડૉ. આંબેડકર સંશોધન યોજના જાહેર કરવામાં આવી રહી છે તેની માહિતી આ મુજબ છે.

## (૨) યોજનાનું નામ :

**ડૉ. આંબેડકર ગ્રામાભિમુખ સંશોધન યોજના** જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારના ગામડાઓના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક સ્તરના અભ્યાસો કરવા માટે વિદ્યાર્થીઓ, સંશોધકોને વિશેષ ફેલોશીપ એવોર્ડ આપી. સંશોધન કાર્ય કરાવવું.

## (૩) યોજનાનું ધ્યેય :

– ડૉ. આંબેડકરજીના સંઘર્ષાત્મક જીવનથી યુવાનોને પ્રેરણા અર્થે અવગત કરવા.
– ડૉ. આંબેડકરજીના સામાજિક ન્યાયના ધ્યેયને ચરિતાર્થ કરવા યુવાનોને જાગૃત કરવા.
– ડૉ.આંબેડકરજીના ઉત્તમ જીવનદર્શનને લોકોમાં પ્રસ્થાપિત કરવા.

– ડૉ.આંબેડકરજીના રાજનૈતિક ચિંતનને ઉજાગર કરીને ભારતીય યુવાનોને લોકશાહીના સિદ્ધાંતોથી અવગત કરવા.
– રાષ્ટ્ર પ્રત્યે યુવાનો પોતાનું યોગદાન આપી શકે તે માટે રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવી.
– ચેર–સેન્ટરના ઉદ્દેશ અનુસાર ગ્રામ્ય/શહેર વિસ્તારના આર્થિક રીતે તેમજ સામાજિક રીતે નબળા વર્ગના લોકો પરના વિશેષ અધ્યયન હાથ ધરવા.

## (૪) યોજનાનો સમયગાળો

– છ માસનો રહેશે જરૂર પડીએ ચેરમેનશ્રી શોધ રીપોર્ટ રજૂ કરવા માટે ૧ માસની વધારે મુદત આપી શકશે, પરંતુ નાણાકીય વર્ષ ફેબ્રુઆરી માસના અંત પછી કોઈ મુદત આપવામાં આવશે નહીં.

## (૫) યોજના અંગેની જાહેરાત

આ યોજનાની જાહેરાત ૧૪ એપ્રિલના રોજ ચેર–સેન્ટરની વેબસાઈટ પર કરવામાં આવશે.

## (૬) પસંદગીની પ્રક્રિયા અને ઈન્ટરવ્યૂ સમિતિ

આવેલી અરજીઓમાંથી ઈન્ટરવ્યૂ લઈને સંશોધકોની પસંદગી કરવામાં આવશે. મેરીટને આધારે ઈન્ટરવ્યૂ કરવામાં આવશે. ઈન્ટરવ્યૂ સમિતિમાં (૧) ચેર–સેન્ટરના ચેરમેન, (૨) ભાષાના એક અધ્યાપક, (૩) સોશ્યલ સાયન્સના એક અધ્યાપક દ્વારા ઈન્ટરવ્યૂ લઈ સંશોધન એવોર્ડ માટેની પસંદગી કરવામાં આવશે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | સ્નાતક | B.A. | 50% (પછી વધારે પ્રત્યેક ટકા એ ૧ ગુણ વધુમાં વધુ) | ૧૦ ગુણ |
| (૨) | અનુસ્નાતક | M.A., | 50% (પછી વધારે પ્રત્યેક ટકા એ ૧ ગુણ– વધુમાં વધુ) | ૧૦ ગુણ |
| (૩) | M.Phil | ડિગ્રી ધરાવતા સંશોધકો | | ૧૦ ગુણ |
| (૪) | Ph.D. | ડિગ્રી ધરાવતા સંશોધકો | | ૧૦ ગુણ |
| (૫) | ઈન્ટરવ્યૂ | | | ૧૦ ગુણ |
| | | | | **કુલ ૫૦ ગુણ** |

## (૭) શોધ યોજનાના સામાન્ય નિયમો

– આ યોજના અંતર્ગત જે ચેર–સેન્ટર દ્વારા પસંદગીનાં સંશોધકોને નિમંત્રણ આપવામાં આવશે.
– સંશોધકો ગ્રામ્ય/શહેરી વિસ્તારોમાં જઈને નબળા વર્ગ પરના વિશેષ સંશોધનો કરશે.
– આ યોજના માટે કામ કરનારા સંશોધકોને ચેર–સેન્ટર દ્વારા જાહેર આપી ઈન્ટરવ્યૂ લઈ પસંદગી કરવામાં આવશે.
– સંશોધકો તેમનો સંશોધન અહેવાલ ૦૫ ગામમાં રૂબરૂ જઈને વિષય અનુરૂપ સંશોધન કરી ઓછામાં ઓછા ૧૦૦ પેઈઝ કે તેથી વધુનો અહેવાલ સોફટ કોપી અને હાર્ડકોપીમાં ચેર–સેન્ટરમાં સુપ્રત કરવાનો રહેશે. જે–તે શોધકાર્ય સ્થળના ફોટોગ્રાફ આપવાના રહેશે.
– સંશોધન અહેવાલ ચેર–સેન્ટરમાં સુપ્રત થયા બાદ ચેર–સેન્ટર દ્વારા સંશોધકના બેંક એકાઉન્ટમાં 'શોધ ફેલોશીપ એવોર્ડ'ની રકમ કોઈપણ પ્રકારના બિલ યુનિવર્સિટી દ્વારા જમા આપવામાં આવશે.
– શોધ યોજના માટે પસંદ થયેલા સંશોધકોએ સંશોધન કાર્ય પૂર્ણ કરવાની બાયંધરી આપવાની રહેશે.
– સંશોધન યોજનામાં સંશોધન કાર્ય પૂર્ણ થયે અને સંતોષકારક અહેવાલ ચેર–સેન્ટરમાં સુપ્રત થયા બાદ સંશોધન માર્ગદર્શકશ્રીના સંતોષકારક સંશોધનના અહેવાલના આધારે સંશોધકના બેંક એકાઉન્ટમાં શોધ પુરસ્કાર રકમ રૂા.૧૨,૦૦૦/– જમાં આપવામાં આવશે. તેઓને સંશોધન ફેલોશીપ એવોર્ડની રકમ આપવામાં આવશે.
– સંશોધન યોજના માટે પસંદ થયેલા સંશોધકને સંશોધન કાર્ય દરમ્યાન કોઈપણ પ્રકારનું મુસાફરી ભથ્થૂ કે કોઈપણ પ્રકારનો આર્થિક લાભ ચેર–સેન્ટર દ્વારા આપવામાં આવશે નહી.
– સંશોધકે ચેર–સેન્ટર દ્વારા આપવામાં આવતા નિયમોનું પાલન કરવાનું રહેશે.

- સંશોધકે સંશોધનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંશોધન અંગેના નિયમો અને પદ્ધતિઓનું પાલન કરવાનું રહેશે.
- સંશોધકોને સંશોધન કાર્ય કરવાના ગ્રામોની યાદી ચેર–સેન્ટર દ્વારા આપવામાં આવશે.
- આ નિયમો ઉપરાંત ચેર–સેન્ટર દ્વારા જે નિયમો આપવામાં આવે તે બંધનકર્તા રહેશે.
- આ નિયમોમાં ફેરફાર કરવાની આખરી સત્તા માનનીય કુલપતિશ્રીની રહેશે.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ વિષયના માર્ગદર્શકશ્રીનું માર્ગદર્શન લેવાનું રહેશે.